# આગામી ઉનાળામાં શહેર-જિલ્લાને પીવાના પાણીની સમસ્યાના એંધાણ

## ૧૦૦થી વધુ ગામ અને પાટનગરમાં કરકસરપૂર્વક પાણીનો ઉપયોગ કરવા, વપરાશ પર કાપ મુકવા પણ ચાલતી તૈયારીઓ

ગાંધીનગર, તા. ૨૫

આગામી ઉનાળાની સિઝનમાં જિલ્લાના ૧૦૦થી વધુ ગામો અને શહેરી વિસ્તારોમાં પાણીના જળસંકટને લઈ ઘેરી અસરો જોવા મળશે. આ સામે તંત્ર દ્વારા પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા અને જળ બચાવ અભિયાન છેડશે.

જિલ્લાના પ્રભારી સચિવ સંજીવકુમારની અધ્યક્ષતામાં આજે મળનારી સમીક્ષા બેઠકમાં પણ આ મુદ્દો છવાયેલો રહેશે તેમ મનાઈ રહ્યુ છે. છેલ્લી જિલ્લા સંકલન ફરિયાદ નિવારણ સમિતિની મળેલ બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચાઓ થઈ હતી.

નર્મદામાંથી હાલ જિલ્લાના ૨૯૭ ગામોને પીવાના પાણીનો પુરવઠો આપવાની પાઈપલાઈન યોજના છે. પણ નર્મદામાં જ આ વખતે પાણીનો જથ્થો ઘટ્યો છે અને એટલે જ મોટા શહેરો સહિત ગ્રામ્ય વિસ્તારને અપાતા પેયજળના પુરવઠામાં ૧લી એપ્રિલ પછી કાપ મુકવામાં આવશે. આ ઉપરાંત જળબચાવો અભિયાન અંતર્ગત પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવા માટેનું જનઅભિયાન છેડવામાં આવશે.

જિલ્લામાં આમ તો ૧૦૦થી વધુ ગામો નર્મદાનું પાણી લેતા નથી. જિલ્લામાં પાણીનો મુદ્દો સતત ચર્ચામાં રહ્યો છે. જિલ્લાના ઘણા ગામોમાં પેયજળની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થો રહ્યા છે. આ પરિસ્થિતિમાં આગામી ઉનાળો જિલ્લાના ગ્રામ્ય વિસ્તાર સહિત શહેરી વિસ્તાર માટે પણ આકરો બની રહેશે.

મળતી વિગતો પ્રમાણે હાલ ગાંધીનગર શહેરમાં સ્થાનિક કક્ષાએ બનેલા બોરવેલ અને નર્મદાનું પાણી એકત્ર કરી આપવામાં આવી રહ્યુ છે. આગામી દિવસોમાં હાલ જે પુરવઠો આપવામાં આવી રહ્યો છે તેના સમયમાં ઘટાડો કરવા અંગેની સક્રિય વિચારણા ચાલી રહી છે. જો કે આ કાપ ૧૦ મિનિટ અથવા ૨૦ મિનિટનો મુકવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં પાણીનો વેડફાટ સૌથી વધુ હોવાના અહેવાલો અખબારોમાં ચમકી ચુક્યા છે. આથી હવે ગાંધીનગર શહેરમાં અપાતા પેયજળના પુરવઠાના સમયમાં કાપ મુકવા માટે પણ તંત્રએ હાલ તો મન બનાવી લીધુ છે.

બીજી તરફ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ ઉનાળુ વાવેતર નહિ કરવા અને પાણીનો જથ્થો બચાવવા પર ખાસ ભાર મુકવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

શહેર અને જિલ્લામાં પેયજળના પુરવઠાની તકલીફ ના પડે તે માટે પાણી બચાવો અભિયાન પર વધુ ભાર મુકવામાં આવશે. આ માટેની રણનીતિ સિંચાઈ વિભાગ, પાણી પુરવઠા વિભાગ તેમજ જિલ્લા તંત્ર દ્વારા સંકલિત રીતે તૈયાર કરવામાં આવી રહી છે. કેટલાક ગામોમાં પાણીની પાઈપલાઈન નર્મદાની જાય છે પણ પુરવઠો મળતો નહિ હોવાની રજુઆતો જિલ્લા કલેક્ટરને મળી હતી અને તેમણે આ બાબતે પાણી પુરવઠાના અધિકારીઓ સાથે જિલ્લાની સંકલન સમિતિ પછી બેઠક પણ કરી હોવાનું જાણવા મળેલ છે.



પાટીદાર સમાજનું ઉમદા કાર્ય - ગાંધીનગર કડવા પાટીદાર સમાજ દ્વારા ઉમિયા માતાજી મંદિર સંકુલમાં અત્યંત આધુનિક યાત્રિક ભવન અને રાહતદરે ભોજન પિરસતું ભોજનાલયનો શુભારંભ રવિવારે ભાવપૂર્વક કરાયો હતો... સમદર્શન આશ્રમના પૂજ્ય ગુરૂમાના વરદ હસ્તે ભોજનાલય અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલના વરદે હસ્તે યાત્રિક ભવનનો શુભારંભ કરાયો હતો... આ પ્રસંગે મંત્રીમંડળના સભ્યો સર્વશ્રી કૌશિકભાઈ પટેલ અને સૌરભભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા... આ પ્રસંગે પ્રાંગણમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે લઘુરૂદ્રનું આયોજન પણ કરાયું હતું...

# શહેરમાં ઉમા યાત્રિક ભવન અને અન્નપૂર્ણા ભોજનાલયનું ઉદ્‌ઘાટન

## ડે.મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલ અને પૂજ્ય ગુરુમાના હસ્તે ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા.૨૫

શ્રી ઉમિયા માતાજી સંસ્થાના સેકટર-૧૨ ગાંધીનગર ખાતે આજે સવારે ૧૨ કલાકે શ્રી ઉમા યાત્રિક ભવન અને અન્નપૂર્ણા ભોજનાલયનો ઉદ્‌ઘાટન સમારોહ યોજાયો હતો. જેમાં ડે.સીએમ નિતિનભાઈના હસ્તે યાત્રિક ભવન તો પૂજ્ય ગુરુમા ના હસ્તે અન્નપૂર્ણા ભોજનાલય ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના તેજસ્વી તારલાઓ, વડીલો તેમજ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના હજ્જારો ભાઈ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. જયારે ઉમા યાત્રિક ભવનના ઉદ્‌ઘાટનની પૂર્વ સંધ્યાએ લોકડાયરો પણ યોજાયો હતો. ઉમા ભવન ખાતે બે દિવસીય વિવિધ ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમને પગલે અનોખું ધાર્મિક વાતાવરણ સર્જાયું હતું.

આજે ગાંધીનગર શહેરના સેકટર-૧૨ સ્થિત ઉમાભવન ખાતે નવનિર્મિત ઉમા યાત્રિક ભવન અને અન્નપૂર્ણા ભોજનાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ડે.સીએમ. નિતિનભાઈ પટેલ, સે-૧ સમદર્શન આશ્રમના પૂજ્ય ગુરુમા સમાનંદજી, મંત્રી કૌશિકભાઈ પટેલ, ઉર્જા વિભાગના કેબીનેટ મંત્રી સૌરભભાઈ પટેલ, અધ્યક્ષ ગુ.રા. કો.ઓ. હા.ફાય. કોર્પો.લી.ના વાડીભાઈ પટેલ, શહેરના મેયર પ્રવિણભાઈ પટેલ, સ્ટે. કમિટિ ચેરમેન મનુભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તમામ મહેમાનોનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત મહેમાનોએ દિપ પ્રાગટય કરીને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે મહેમાનોના હસ્તે દાતાઓનું શાલ ઓઢાડીને મોમેન્ટો આપીને સન્માન કર્યું હતું. આ પ્રસંગે ડે.સીએમ. નિતિનભાઈ પટેલે પોતાના પ્રાસંગીક ઉદબોધનમાં જણાવ્યું હતુ કે ગાંધીનગર શહેરથી ૧૯૯૦ થી જોડાયેલ છું, ગાંધીનગર એ મારી કર્મભુમિ છે હું સવારે ગાંધીનગરમાં હોય તો સાંજે કડી કે અમદાવાદમાં હોવ છું.શહેરમાં હોવાથી ઘણી સામાજીક, સેવાકીય અને શૈક્ષણીક સંસ્થાઓમાં મંત્રી તરીકે કે કાર્યકર તરીકે જવાનો લાભ મળ્યો છે. ઉમા યાત્રિક ભવનના ઉદ્‌ઘાટનની પ્રત્રિકા આપવા આવ્યા ત્યારે મને આનંદ થયો કે આ કાર્ય ઝડપી પુરુ થઈ ગયું. રાજયના પાટનગરમાં ઉમીયા માતાજીના ચરણોમાં વસીએ છીએ એ આનંદની વાત છે. શહેરમાં વસતા સમાજના પરિવારજનો સરકારી કામ સાથે વધુ જોડાયેલા હશે. આવનારી પેઢીનો વિકાસ થાય સમાજના છોકરા કે છોકરીઓ વધુમા વધુ સરકારી નોકરી મેળવે તે દિશામાં તૈયારીઓ કરવી જોઈએ.પહેલા સરળતાથી નોકરી મળતી હતી પરંતુ હવે સ્પર્ધાત્મકનો યુગ છે. ગાંધીનગર હવે એકલુ પાટનગર નથી એક શૈક્ષણિક હબ બની ગયું છે. તેમજ ઉમિયા માતાજી સંસ્થાન દ્વારા જે સેવાઓ કરવામાં આવી રહી છે. તે સેવાકીય પ્રવૃતિઓ વધુમાં વધુ કરવામાં આવે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે સેકટર-૧ સમદર્શન આશ્રમના પૂજ્ય ગુરુમા એ આર્શિવચનમાં જણાવ્યું હતું કે પટેલ સમાજ મહેનતુ સમાજ છે. એક પટેલ આગળ આવે એટલે બીજાને પણ સહાય કરે છે. સૌના વિકાસમાં વ્યકિતનો વિકાસ થાય

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની ૪૫ પંચાયતોને પરફોમન્સ અંગે ૧૦૦માંથી ૧૦૦ ગુણ

## ૧૮૨ ગ્રામ પંચાયતોને ૭૧ થી વધુ ગુણાંક પ્રાપ્ત

ગાંધીનગર, તા. ૨૫

જિલ્લાની ૪૫ ગ્રામ પંચાયતોને તેમના પરફોમન્સ અંગે ૧૦૦માંથી ૧૦૦ ગુણાંક પ્રાપ્ત થયા છે. ૧૪મા નાણાં પંચ દ્વારા પરફોમન્સ ગ્રાન્ટ માટે દાખલ કરવામાં આવેલ મૂલ્યાંકન પ્રથાને અંતે આ હકીકતો બહાર આવવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની ૨૦૦ ગ્રામ પંચાયતો પરફોમન્સ ગ્રાન્ટ મેળવવા માટે હક્કદાર બની હતી. આ પછી દાખલ કરવામાં આવેલ મૂલ્યાંકન પ્રથાને પગલે તંત્ર દ્વારા મૂલ્યાંકન કરી અને નવેસરથી દરખાસ્ત પણ રવાના કરી દેવામાં આવી છે.

જે મૂલ્યાંકન કરવામાં આવ્યુ છે તેમાં આવકમાં વૃદ્ધિ ઉપરાંત બજેટ ગ્રાન્ટ સામે પંચાયતની આવક કેટલી થઈ છે તેના પ્રમાણમાં પણ મૂલ્યાંકન પદ્ધતિ, ઓ.ડી.એફ. થયેલી પંચાયત છે કે કેમ ? રસીકરણના વિવિધ કાર્યક્રમોના અમલને લઈ પણ મૂલ્યાંકનની વાત હતી.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાની બે ગ્રામ પંચાયતોને ૫૦ થી ૬૦ ગુણ વચ્ચે માર્કસ મળે છે તો ૧૬ ગ્રામ પંચાયતને ૬૧ થી ૭૦ની વચ્ચે અને ૧૮૨ ગ્રામ પંચાયતોને ૭૧ થી વધુ ગુણાંક પ્રાપ્ત થાય છે.

૧૪મા નાણાં પંચમાં અત્યાર સુધીમાં ૧૨૦૦થી વધુ કામો પૂર્ણ થયા છે. આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં વેરા વસુલાત અસરકારક બને તે માટે ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. આ માટે સ્થાનિક ભંડોળ દ્વારા નિયમિત ઓડિટ કરી અને તેનો અહેવાલ જિલ્લાને આપવામાં આવે છે.

જિલ્લામાં ૧૪મા નાણાં પંચ અંતર્ગત અત્યાર સુધીમાં રૂ. ૭૦ કરોડથી વધુની રકમ પણ મળી ચુકી છે. આ વખતે મૂલ્યાંકન પ્રથા પ્રથમવાર અમલી બનાવવામાં આવી છે જેમાં બિન સત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ૪૬ જેટલી ગ્રામ પંચાયતોને જુદી જુદી કક્ષાએ થયેલા મૂલ્યાંકનમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મળે છે.

# ગાંધીનગર સહિત રાજ્યમાં ગરમીનો પારો ઉચકાયો

## મહત્તમ તાપમાન વધતા તીવ્ર ગરમીનો અનુભવ

અમદાવાદ,તા. ૨૪

અમદાવાદ સહિત રાજયભરમાં ગરમીનું પ્રમાણ વધતા લોકો હવે તાપનો અનુભવ કરી રહ્યા છે. ખાસ કરીને બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ થવા લાગી ગયો છે. અમદાવાદ શહેરમાં આજે ૧૬.૭ ડિગ્રી લઘુત્તમ તાપમાન અને ૩૫.૧ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયા બાદ આવતીકાલે લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રી થાય તેવી શક્યતા છે. મહત્તમ તાપમાનમાં વધારો થતાં હવે ગરમીનો અનુભવ જોરદારરીતે થવા લાગી ગયો છે. પંખા અને એસીના ઉપયોગ સતત વધી રહ્યા છે. આગામી દિવસોમાં પંખા અને એસીના બજારમાં તેજી આવવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. આજે સુરેન્દ્રનગરમાં અને ઈડરમાં પારો ૩૭થી ઉપર પહોંચી ગયો હતો. રાજ્યના અનેક ભાગોમાં પારો ૩૭ ઉપર પહોંચી ગયો હતો તેમાં ઈડર ઉપરાંત પોરબંદર, સુરેન્દ્રનગર, રાજકોટનો સમાવેશ થાય છે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ તીવ્ર ગરમીનો અનુભવ થવાની શક્યતા જાણકાર લોકો વ્યક્ત કરી રહ્યા છે. સવારે ફુલગુલાબી ઠંડીનો અનુભવ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૪૪ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં કાર્યરત છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં હાલ કાર્યરત ૧૦૬૮ આંગણવાડી પૈકી ૯૨૪ આંગણવાડી પોતાના મકાનમાં આવેલી છે જ્યારે ૧૪૪ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં કાર્યરત છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે છેલ્લા બે વર્ષ દરમ્યાન જિલ્લામાં ૫૬ જેટલા આંગણવાડીના નવા મકાનોના નિર્માણનું કાર્ય પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. બાકી રહેતી ૮૮ જેટલી આંગણવાડી માટેના મકાન મનરેગા કન્વર્ઝન અને અન્ય યોજના હેઠળ જમીન ઉપલબ્ધ થયેથી મકાન નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવશે.

જિલ્લામાં હાલ જે ૧૦૬૮ આંગણવાડી કેન્દ્રો ચાલે છે તેમાં ગાંધીનગર તાલુકામાં ૩૨૮, દહેગામમાં ૨૬૦, કલોલમાં ૩૦૫ અને માણસામાં ૧૭૫નો સમાવેશ થાય છે.

જિલ્લાના વિવિધ આંગણવાડી કેન્દ્રોમાં હાલ ૭૭ હજારથી વધુ બાળકોને પ્રવેશ આપવામાં આવેલો છે.



પાનખરનો પ્રારંભ - પ્રાકૃતિક વૈભવ વચ્ચે ઉછરતા પાટનગરમાં પાનખરની પણ એક ભવ્યતા છે... વૃક્ષો આચ્છાદિત માર્ગો અને ફુટપાથો પર વૃક્ષ ઉપરથી ખરતા પાનનો લય માણવા લાયક હોય છે... માર્ગો અને ફુટપાથો પર દિવસભર ખરતા પાન જીવનનો એક નવો સંદેશ આપતા જાય છે... પીપળ પાન ખરંતા, ધીરી બાપુડિયા, અમ વિતી તમ વિતશે ધીરી બાપુડિયા.... આ સનાતન સત્ય છે... જીવ સૃષ્ટિને લાગુ પડે છે... પ્રત્યેક પાનખરે વૃક્ષ પરથી પીળા પાન ખરતા જાય છે... અને વસંતે - વસંતે નવી કુંપળો ફુટીને તાજગીનો નવો સંદેશ આપે છે... કાલ સુધી મંદ મંદ પવન લહેરાવતા પાન પીળા પડે અને પીળા પડેલા પાન ખરી પડે એમાંથી ખાતર બને અને એ જ ખાતરમાંથી પુનઃ છોડમાંથી વૃક્ષ બને... આ પ્રકૃતિના સત્યને ઉદારતાથી સ્વીકારવું પડે છે... જીવન સત્યને ક્યારેય પણ ટાળી ન શકાય એ ન્યાય આપણી આસપાસ નિર્માતા દશ્યો જીવનને ઘણો બધો ઉપદેશ આપે છે...

# ૩૬૬ બાળાને વિદ્યાલક્ષ્મી બોન્ડ અપાયા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં ૩૬૬ બાલિકાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ વર્ષ ૨૦૧૬-૧૭માં આપવામાં આવ્યા છે.

જિલ્લા શિક્ષણતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દરેક બાલિકાને રૂ. ૨૦૦૦નું આ બોન્ડ આપવામાં આવ્યું છે. જે માટે રાજ્ય સરકારે રૂ. સાત લાખ ૩૨ હજારની ગ્રાન્ટ ફાળવી હતી.

આ વિદ્યાલક્ષ્મી બોન્ડ પ્રવેશોત્સવ વખતે આપવામાં આવ્યા હતા.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Kisan
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com